# વિઝન વિકસિત ગુજરાતનું મિશન જનકલ્યાણનું

**અખબારી યાદી – અંદાજપત્ર ૨૦૨૫-૨૬**

**ક. અંદાજપત્રનો સારાંશ:**

- નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે માટે ₹૩,૭૦,૨૫૦.૩૫ કરોડનું અંદાજપત્ર પાછલા વર્ષની સરખામણીમાં ₹૩૭,૭૮૫ કરોડ જેટલું વધારે છે.
- વિકસિત ભારત ૨૦૪૭ નું ધ્યેય ૨૦૪૭ સુધીમાં ભારતને એક વિકસિત, આત્મનિર્ભર અને સર્વ સમાવેશક રાષ્ટ્રમાં રૂપાંતરિત કરવાનું છે. તેમાં આર્થિક વૃદ્ધિ, ટેક્નોલોજિકલ પ્રગતિ, સુદ્રઢીકરણ, અને સામાજિક સમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેનો હેતુ નવતર પ્રયોગ, માળખાકીય સુવિધા અને માનવ વિકાસમાં ભારતને વિશ્વ કક્ષાએ અગ્રેસર બનાવવાનો છે.
- દરેક નાગરિક સમૃદ્ધ જીવન અને સમૃદ્ધ આવક **(Living Well & Earning Well)** ધરાવતો હોય તેવા વિકસિત ગુજરાત @ ૨૦૪૭ ની પરિકલ્પનાને સિદ્ધ કરવાનો હેતુ છે.
- અર્થતંત્રને પ્રોત્સાહન – મૂડી-ખર્ચ જોગવાઇમાં ૨૩.૧૬% (₹૧,૩૪,૨૦૬ કરોડ)નો વધારો
- અંદાજપત્રમાં સર્વસમાવેશક અને નિરંતર વિકાસને વેગ આપવામાં આવ્યો છે તેમજ **GYAN – ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ** પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

**ખ. રાજવિત્તીય સૂચકાંકો**

- નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે **₹૧૯,૬૯૫** કરોડની મહેસૂલી પૂરાંત સાથે, રાજ્યએ એક દાયકા કરતાં વધુ સમયથી મહેસૂલી પૂરાંત જાળવી રાખવાનો મજબૂત ટ્રેક રેકોર્ડ જાળવી રાખ્યો છે.
- રાજવિત્તીય ખાધ ૧.૯૬% છે જે GSDP ના ૩% FRBM લક્ષ્યાંકને સતત જાળવી રાખે છે.
- GSDPના ૨૭.૧%ના લક્ષ્યાંક સામે ૧૫.૨૮% ના દરથી જાહેર દેવું સતત નીચે છે.

**નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની મુખ્ય બાબતો:**

- કુલ અંદાપત્ર ૨૦૨૫-૨૬: ₹૩,૭૦,૨૫૦.૩૫ કરોડ
- મહેસૂલી ખર્ચ જોગવાઇ: ₹૨,૩૬,૦૪૪.૨૭ કરોડ
- મૂડી ખર્ચ જોગવાઇ: ₹૧,૩૪,૨૦૬.૦૮ કરોડ
- એકંદર વધારો: ૨૦૨૫-૨૬ માટેની કુલ ફાળવણી ૨૦૨૪-૨૫ના અંદાજપત્રની સરખામણીમાં ૧૧.૩૭%નો વધારો દર્શાવે છે.

**ગ. વિકસિત ગુજરાત @ ૨૦૪૭**

- રાજ્ય સરકારે નીતિ આયોગની કાર્યશૈલી આધારીત "**ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન(GRIT)"**ની સ્થાપના કરી છે. જેનો ઉદ્દેશ વિકસિત ગુજરાત ૨૦૪૭ માટે લાંબા તેમજ ટૂંકા ગાળાના લક્ષ્યોને ધ્યાને લઇ વિવિધ ક્ષેત્રો માટે વ્યૂહાત્મક યોજનાઓ બનાવવાનો છે.
- નીતિ આયોગે દેશમાં ચાર વિસ્તારોને ગ્રોથ હબ તરીકે વિકસાવવા પસંદ કર્યા છે. જેમાં **સુરત ઇકોનોમિક રીજીયન(SER)**નો સમાવેશ થાય છે. આ વિસ્તારને વૈશ્વિક કાર્યશૈલી પર વિકસાવવા માટે **૫૬** પરિયોજનાઓ બનાવવામાં આવી છે. જેનાથી SER હેઠળના સુરત, ભરૂચ, વલસાડ, નવસારી, તાપી, ડાંગ એમ **છ** જિલ્લાઓમાં ઉદ્યોગ, પ્રવાસન, રોડ નેટવર્ક તથા માળખાકીય સુવિધાઓમાં વૃદ્ધિ થશે.
- ગુજરાતને એક વિકસિત અને સમૃદ્ધ રાજ્ય બનાવવા સુરત ઇકોનોમિક રીજીયન(SER) સહિત કુલ **છ ગ્રોથ હબ** વિકસાવવામાં આવશે. જેના માટે હાલ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ માટે

**રીજનલ ઈકોનોમિક પ્લાન** બનાવવામાં આવી રહ્યા છે. જેમાં બાકી તમામ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવશે. જેનાથી રાજ્યમાં સર્વાંગી અને સંતુલિત ક્ષેત્રિય આર્થિક વિકાસ શક્ય બનશે.

- વિકસિત ગુજરાતની આ પરિકલ્પનાને સાકાર કરવા માટે સરકાર આયોજનબદ્ધ પરિયોજનાઓ અને પ્રજા કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવાની નેમ ધરાવે છે. આ હેતુ અર્થે, સરકાર આગામી પાંચ વર્ષ માટે **₹૫૦,૦૦૦ કરોડનું વિકસિત ગુજરાત ફંડ** સ્થાપિત કરવાની દરખાસ્ત કરે છે. ચાલુ રાજવિત્તીય વર્ષ માટે મહત્વની પહેલો માટે **₹૫૦૦૦ કરોડ**ની ફાળવણી કરવામાં આવે છે. (હાઈ સ્પીડ કોરિડોર, આર્થિક ક્ષેત્રનો વિકાસ, પાણી પુરવઠા પરિયોજના, પ્રવાસન, એક્સપ્રેસ–વે વગેરે)
- **મુખ્યમંત્રી ગ્રીન રીંગ રોડ યોજના** હેઠળ **₹૨૦૦ કરોડની** જોગવાઈ.
- **ગરવી ગુજરાત હાઇ સ્પીડ કોરીડોર** હેઠળ **₹૧૦૨૦ કરોડની** જોગવાઈ.

**ઘ. ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટેની મુખ્ય જાહેરાતો:**

**૧. સામાજિક સુરક્ષા**

- આદિજાતિના સર્વાંગી વિકાસ માટે **₹૧૧૦૦ કરોડની** ફાળવણી સાથેની **ન્યુ ગુજરાત પેટર્ન યોજના**. આ યોજનાથી આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ, રોજગાર અને માળખાકીય સુવિધાઓના નિર્માણને વેગ મળશે.
- વનબંધુ કલ્યાણ યોજના–૨ અંતર્ગત વર્ષ ૨૦૨૧–૨૨ માં આગામી પાંચ વર્ષમાં **₹૧ લાખ કરોડ**ની ફાળવણી કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. જે અંતર્ગત માર્ચ ૨૦૨૫ ના અંત સુધીમાં **₹૬૯,૮૮૨ કરોડ**ની ફાળવણી કરવામાં આવેલ હતી. આ વર્ષે અંદાજિત **₹૩૦,૧૨૧ કરોડ**ની ફાળવણી કરવામાં આવેલ છે.
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** હેઠળ છેલ્લા ત્રણ વર્ષોમાં ગ્રામીણ વિસ્તારોમાં ઘર વિહોણા પરિવારો માટે આશરે ત્રણ લાખ કરતા વધારે આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. આ અંદાજપત્રમાં, **₹૧૭૯૫ કરોડની** જોગવાઇ સાથે બે લાખ કરતા વધારે આવાસોનું નિર્માણ કરવાનું આયોજન છે.
- **પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અને 'પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦'** હેઠળ શહેરી ગરીબોને આવાસો પૂરા પાડવા માટે **₹૧૩૫૦ કરોડની** જોગવાઇ.
- જયાં ગામતળની જગ્યાઓ ઉપલબ્ધ ન હોય તેવા ગામોના જમીન વિહોણા લાભર્થીઓ માટે પ્લોટ ખરીદવા માટે '**પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અને 'પીએમ જનમન યોજના'** હેઠળ લાભાર્થી દીઠ **₹૧ લાખ** સુધીની સહાય પૂરી પાડવા માટે **₹ ૩૦ કરોડની** જોગવાઇ.
- વર્તમાન **૮૦%** થી ઘટાડીની **૬૦%** કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા દિવ્યાંગો માટે **'સંત સૂરદાસ યોજના'** હેઠળ **₹૧૭૦ કરોડની જોગવાઇ,** જેનાથી **૮૫ હજારથી વધુ** દિવ્યાંગોને ફાયદો મળશે.

**૨.માનસ સંસાધન વિકાસ:**

- આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી તેનો ફાયદો મેળવવા માટે આપણા યુવાનોને મદદ કરવા માટે **એલ.ડી.ઈજનેરી કોલેજ, અમદાવાદ** ખાતે અને **અન્ય છ સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે** આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ (**AI**) લેબોરેટરીની સ્થાપના કરવામાં આવશે. અમદાવાદમાં **i-Hub** અને **i-Create** થકી સ્ટાર્ટઅપ્સ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ સફળતાપૂર્વક વિકસાવવામાં આવેલ છે. રાજ્યના અન્ય **ચાર** વિસ્તારોમાં સ્ટાર્ટઅપ્સ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે **i-Hubs** નું પણ આયોજન કરવામાં આવેલ છે.
- ગાંધીનગર, વડોદરા, સૂરત અને રાજકોટ ખાતે **અમદાવાદ મેડિસિટી પ્રકારની સુવિધાઓ** ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરોક્ત શહેરોમાં **મેડિસિટી પ્રકારની સુવિધાઓ** પૂરી પાડવાની પૂર્ણતાની નજીક છીએ. **મેડિસિટી, અમદાવાદ** ખાતે **ન્યૂરોલોજી ઈન્સ્ટિટ્યુટ**ની સ્થાપના કરવાનું પણ આયોજન છે.
- 'કૌશલ્ય' - સ્કીલ યુનિવર્સિટી મારફત બાંધકામ ક્ષેત્રના કામદારો માટે **'કૌશલ્ય વર્ધન તાલીમ'** માટે **₹૭૫ કરોડની** જોગવાઇ.
- **નમો લક્ષ્મી યોજના** અંતર્ગત **₹૧,૨૫૦ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનામાં ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરનાર દરેક વિદ્યાર્થીનીને **₹૫૦,૦૦૦**/–ની સહાય (ધોરણ **૯–૧૦** દરમિયાન બે હપ્તામાં **₹૧૦,૦૦૦**/–ની વાર્ષિક સહાય, એટલે કે, એક હપ્તો હાજરી માટે અને બાકીનો હપ્તો ધોરણ **૧૦** પૂર્ણ કર્યા પછી અને ધોરણ **૧૧–૧૨** દરમિયાન બે હપ્તામાં **₹૧૫,૦૦૦**/–ની વાર્ષિક સહાય, એટલે કે, એક હપ્તો હાજરી માટે અને બાકીનો હપ્તો ધોરણ ૧૨ પૂર્ણ કર્યા પછી)
- **નમો સરસ્વતી યોજના** અંતર્ગત **₹૨૫૦ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે. ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦% કરતાં વધારે ગુણ મેળવે અને વિજ્ઞાન પ્રવાહની પસંદગી કરે તેવા વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્રતા ધરાવશે.

**૩. પોષણ**

- પોષણ માટેની કુલ જોગવાઇ **₹૮૨૧૧ કરોડ** કરવામાં આવે છે. જે વર્ષ ૨૦૨૪–૨૫ ની સરખામણીમાં ૨૧ ટકાનો વધારો દર્શાવે છે.
- **નારીશક્તિ**ની ભૂમિકા આપણા સમાજની વિકાસ યાત્રામાં અગત્યની છે. તેને પ્રોત્સાહન આપવા માટે, સરકાર, આંગણવાડીઓની માળખાકીય સુવિધાઓમાં માત્રાત્મક અને ગુણાત્મક એમ બન્ને રીતે વધારો કરીને મહિલાઓ અને બાળકોના પોષણને સુદ્રઢ કરવા માટે પ્રતિબદ્ધ છે. ઉપરાંત, કિશોરીઓ માટે વિવિધ આરોગ્યલક્ષી અને પોષણલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવેલા છે.
- **મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના** માટે **₹૬૧૭ કરોડની** જોગવાઇ.
- ૭૨ તાલુકાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓની સહાયથી **"સેન્ટ્રલાઇઝડ કીચન"ની** વ્યવસ્થા ઉભી કરવા માટે **₹૫૫૧ કરોડની** જોગવાઇ કરવામાં આવી છે. આ પહેલનો હેતુ પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓને **પૌષ્ટિક, આરોગ્યપ્રદ અને સ્વાદિષ્ટ ભોજન આપવાનો** છે.
- **પોષણ સુધા યોજના** અંતર્ગત **આદિજાતિ** વિસ્તારના **૧૪** જિલ્લાઓમાં ૧૦૬ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને દિવસમાં એક વખત **ગરમ ભોજન, ફોલિક એસીડ અને કેલ્શિયમની ગોળીઓ** આપવા માટે **₹૯૦ કરોડ**ની જોગવાઇ.
- **પૂરક પોષણ યોજના** અંતર્ગત આંગણવાડીઓમાં **૩ થી ૬ વર્ષનાં** બાળકોને ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા–ધાત્રી માતાઓને ઘરે લઇ જવાનું રાશન (ટેક હોમ રાશન) પૂરૂં પાડવા માટે **₹૯૭૩ કરોડ**ની જોગવાઇ.
- **પૂર્ણા યોજના** અંતર્ગત કિશોરીઓના કુપોષણનાં પ્રમાણમાં ઘટાડો અને હિમોગ્લોબિનનાં પ્રમાણમાં સુધારો થાય તે હેતુથી પૂર્ણા શક્તિના પેકેટ આપવા માટે **₹૩૩૫ કરોડ**ની જોગવાઇ.
- **મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના** હેઠળ સગર્ભા મહિલાઓને **એક હજાર દિવસ** સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી બે કિલો ચણા, એક કિલો દાળ અને એક લિટર ખાદ્યતેલ આપવા માટે **₹૩૭૨ કરોડ**ની જોગવાઇ.

**૪. કૃષિ**

- સરકાર કૃષિ ઉત્પાદનો અને ખેડૂતોની આવક વધારવા માટે કૃષિ–યાંત્રિકીકરણ પર ભાર મૂકે છે. ટ્રેક્ટર ખરીદીની હાલની સહાયમાં વધારો કરી **₹૧ લાખ** કરવામાં આવી છે. ઉપરાંત, વિવિધ ખેતઓજારો, ખાતર અને જંતુનાશક દવાઓમાં સહાય આપવા માટે **₹૧,૬૧૨ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે.
- કૃષિ ઉત્પાદનનું મૂલ્યવર્ધન અને ખેડૂતોની આવક વધારવાના હેતુથી એગ્રો પ્રોસેસીંગ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન માટે **₹૧૦૦ કરોડ**ની જોગવાઇ સૂચવવામાં આવી છે.

**૫. મત્સ્યોદ્યોગ**

- ગુજરાત મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા અને ખેડૂતો/માછીમારોની આવક વધારવા માટે અધિકતમ ક્ષમતા ધરાવે છે.
- આ વર્ષે ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્ર માટે **₹૧૬૨૨ કરોડના અધિકાંશ પેકેજની** દરખાસ્ત કરવામાં આવે છે જેમાં મત્સ્ય ઉછેર, મત્સ્ય ઉછેર બાદની ચૂકવણી અને સંગ્રહને લગતી માળખાકીય સવલતોનો સમાવેશ થાય છે અને તેનાથી **૨ લાખ જેટલા માછીમારોને** ફાયદો થશે.

**૬.ઉદ્યોગો**

- સ્ટાર્ટઅપની સહાય માટે **₹૩૬૦૦ કરોડની** જોગવાઇ.
- કાપડ એકમોને વિવિધ સહાય, વૈશ્વિક સ્તરની સ્પર્ધામાં ટકી રહેવા માટે તેમને મજબૂત બનાવવા સાથે **ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી** અન્વયે **₹૨૦૦૦ કરોડ**ની ફાળવણી કરવામાં આવેલ છે.
- અંકલેશ્વર, સરીગામ, વાપી અને સુરત ખાતે હાલની ડીપ–સી પરિયોજનાઓ માટે તેમજ અમદાવાદ, જંબુસર અને સાયખા ખાતેની નવી પરિયોજના માટે **₹૭૮૫ કરોડની** જોગવાઇ.
- વાજપાઇ બેંકેબલ યોજના માટેની **₹૪૮૦ કરોડની** જોગવાઇ કુટીર ઉદ્યોગોમાં સ્વરોજગાર માટેની નાણીકીય સહાયમાં બે ગણો વધારો દર્શાવે છે. લોનની મર્યાદા વધારીને **₹૨૫ લાખ** અને સબસિડીની રકમ **₹૩.૭૫ લાખ** કરવામાં આવેલ છે જેનાથી શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્રોને ફાયદો થશે.

**૭. પ્રવાસન**

- ૩૧ ટકાના વધારા સાથે પ્રવાસન ક્ષેત્રમાં આવતાં વિવિધ વિભાગો હેઠળ કુલ **₹૬૫૦૫ કરોડની** જોગવાઇ,
- પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે **₹૨,૭૪૮ કરોડ**ની જોગવાઇ.
- 'ગુજરાત ટૂરિઝમ પૉલિસી', 'હેરિટેજ ટૂરિઝમ પૉલિસી' તેમજ 'ગુજરાત હોમસ્ટે પૉલિસી' જેવી અનેક નવી પહેલને લીધે **ગુજરાતે** પ્રવાસન ક્ષેત્રે **ઉત્તમ યજમાન** તરીકે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

- જિલ્લા કક્ષાએ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે રાજ્યના તમામ જિલ્લામાં **જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી**ની સ્થાપના કરવામાં આવશે.
- પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળ ધાર્મિક સ્થળોએ વિકાસલક્ષી કામો માટે **₹૨૩૦ કરોડ**ની જોગવાઇ.

**૮. માળખાકીય સુવિધાઓ**

- શહેરી વિકાસને એક નવી દિશા આપવા માટે વર્ષ ૨૦૦૫ને "શહેરી વિકાસ વર્ષ" જાહેર કરવામાં આવ્યું હતું. શહેરી વિકાસને વેગ આપવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે અને પરિણામે, શહેરોમાં બહેતર માળખાકીય સુવિધાઓ અને આધુનિક પરિવહન વ્યવસ્થા ઊભી થઇ છે. આ વર્ષને **"શહેરી વિકાસ વર્ષ"** જાહેર કરવામાં આવ્યું છે. આ હેતુ માટે બજેટ જોગવાઇમાં આશરે **૪૦%** વધારો કરીને **₹૩૦,૩૨૫ કરોડ** કરવામાં આવી છે.
- હાલની નગરપાલિકાઓને અપગ્રેડ કરવાનું તથા નવી નગરપાલિકા બનાવવાનું આયોજન છે. **રાજ્યની ૬૯ જેટલી નગરપાલિકાઓને** અપગ્રેડ કરવામાં આવશે. જેમાં ખંભાળીયા, લુણાવાડા, મોડાસા, વ્યારા, છોટા ઉદેપુર, દાહોદ તથા રાજપીપળા જેવા જિલ્લા મથકોનો તેમજ દ્વારકા, પાલીતાણા, ચોટીલા તથા ડાકોર જેવા **ધાર્મિક સ્થળોની નગરપાલિકાઓ**નો પણ સમાવેશ થાય છે. **વડનગર**ના ૨૫૦૦ વર્ષ જેટલા પૌરાણિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસા તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વને ધ્યાને લઇને વડનગરને **"અ" વર્ગની** નગરપાલિકામાં **અપગ્રેડ** કરવામાં આવશે.

**૯. વહીવટ**

- સરકારે રાજ્યના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિઓમાં જરૂરી સુધારાઓ કરવા, માનવ સંસાધનોને તર્કસંગત કરવા માટે અને સરકારી કામગીરીની કાર્યક્ષમતામાં વધારો કરવા નવી ટેક્નોલોજી અપનાવવાના હેતુથી ડૉ. હસમુખ અઢીયાના અધ્યક્ષસ્થાને ગુજરાત વહીવટ સુધારણા આયોગની રચના કરવાનું નક્કી કર્યું છે.
- સરકાર સુશાસનમાં **આર્ટીફીશીયલ ઇન્ટેલિજન્સ (AI)** નો વધુમાં વધુ ઉપયોગ કરીને નાગરિકો માટે "સરળ જીવન" (Ease of Living) સુનિશ્ચિત કરવા પર ભાર મૂકે છે. વિવિધ ક્ષેત્રોમાં AI ના ઉપયોગને પ્રોત્સાહન આપવા નિષ્ણાતોની બનેલી **AI ટાસ્કફોર્સ**ની રચના કરાવામાં આવી છે. તેનો હેતુ રાજ્યને **AI** હબ અને ટેક્નોલોજી પ્રેરિત શાસનમાં અગ્રેસર બનાવવનો છે.

**૧૦. જન સુરક્ષા અને સલામતી**

- રાજયમાં કાયદો અને વ્યવસ્થા તેમજ આંતરિક સુરક્ષા જાળવવા માટે સરકાર **ઝીરો ટોલરન્સ પોલીસી** સાથે અનેક સુધારા કરી રહેલ છે.
- રાજ્ય તેમજ આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્તરે સાયબર ક્રાઇમ, સાયબર સિક્યુરીટી અને સાયબર ઇન્ટેલિજન્સ માટે **સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ** હેઠળ **૧૧૮૬** જગ્યાઓ માટે **₹૨૯૯ કરોડ** રૂપિયાની જોગવાઈ.
- રાજયમાં શેહેરી વિસ્તારોમાં ટ્રાફીક પોલીસનું સંખ્યાબળ વધારવા માટે ટ્રાફીક પોલીસની **૧૩૯૦** નવી જગ્યાઓ ઊભી કરવા માટે **₹૬૩ કરોડની** જોગવાઇ.
- એન્ટી–નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ માટે **₹૨૩ કરોડની** જોગવાઇ.

***********************